# ટેટની પરીક્ષાનું પ્રશ્નપત્ર ધાર્યા કરતાં 'ટફ' નિકળતા ઉમેદવારો નિરાશ !!

ગાંધીનગર, તા.૮

ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા ગત રોજ ધોરણ ૬ થી ૮ના શિક્ષકો માટે ટેટ-૨ની પરીક્ષા યોજવામાં આવી હતી. ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાંથી ગ્રેજયુએટ અને પોસ્ટ ગ્રેજયુએટ થયેલા તાલીમી ઉમેદવારોએ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત જેવા વિષયોમાં ટેટની પરીક્ષા આપી હતી. ધોરણ ૬ થી ૮ના પાઠય પુસ્તકો તૈયાર કરીને આવેલા કે અન્ય તાલીમી વર્ગોમાં હજારોની ફી ભરી તૈયાર થયેલા ઘણા ખરા ઉમેદવારો પ્રશ્નપત્ર જોઈને લગભગ ડઘાઈ ગયા હતા.

ટેટ-૨ની પરીક્ષામાં ૭૫-૭૫ ગુણના બે વિભાગ હતા. પ્રથમ વિભાગ દરેક વિષયના ઉમેદવારો માટે સરખો હતો અને બીજો ૭૫ ગુણનો વિભાગ ભાષા, ગણિત વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનના ઉમેદવારો માટે અલગ અલગ એટલે કે પોતાના મૂળ વિષયનો હતો.

પ્રથમ વિભાગના ૭૫ ગુણમાંથી મનોવિજ્ઞાન, અંગ્રેજી, ગુજરાતી, શૈક્ષણિક વર્ગ વ્યવહાર, ભૂગોળ, વ્યાકરણ, સામાન્ય જ્ઞાન, તર્ક સંગત, ઈતિહાસ, ગણિત, નાગરિકને લગતા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.ગણિતના અંકોની જગ્યાએ પ્રતીકો મૂકીને પૂછેલો પ્રશ્ન મોટા ભાગના ઉમેદવારોને માથું ખંજવાળી દે તેવો હતો. મિસ એશિયા પેસિફિક સૈંદર્ય સ્પર્ધાની વિજેતા, લેફટન્નટ માટેનો સાચો અંગ્રેજી સ્પેલિંગ, ગુજરાત યુનિવર્સિટીના કુલાધિપતિ કોણ, બનાસ નદીનું પ્રાચીન નામ શું છે, ગુજરાતી મૂળાક્ષરનો સાતમો, અગિયારમો અને ઓગણીસમો વ્યંજન કયો કયો છે જેવા પ્રશ્નોએ મોટા ભાગના ઉમેદવારોને વિચારતા કરી દીધા હતા.

વિભાગ-૨માં ભાષાના શિક્ષકો માટે અંગ્રેજી, ગુજરાતી, હિન્દી અને સંસ્કૃતના પ્રશ્નો ૭૫ ગુણના પૂછવામાં આવ્યા હતા. ખાસ તો અંગ્રેજીના પ્રશ્નો વધુ પૂછાયા હોવાથી ઓછું અંગ્રેજી જાણતા ઉમેદવારો નિરાશ થઈ ગયા હતા. સામાજિક વિજ્ઞાનના ઉમેદવારોએ અર્થશાસ્ત્રના વધુ પ્રશ્નો પૂછાયાની ફરિયાદ કરી હતી. ઈતિહાસ અને નાગરિકની જગ્યાએ ઈકોનોમિકસના પ્રશ્નો સૌથી વધુ હતા અને કોલેજ કક્ષાના હતા એવું સૌ જણાવતા હતા. ભાષાના વિભાગ-૨માં પણ મોટા ભાગના પ્રશ્નો ધોરણ-૬, ૭ અને ૮ના પાઠયપુસ્તકના નહીં પણ કોલેજ કક્ષાના હોય તેવું સૌ ઉમેદવારોએ જણાવ્યું હતું. ગણિત-વિજ્ઞાન વિષયના ઉમેદવારોએ પણ પ્રશ્નો અઘરા હોય તેવું જણાવ્યું હતું. પાઠયપુસ્તક વાંચીને ઊંધા વળી ગયેલા ઉમેદવારો પણ ચોપડીમાંથી કંઈ ન પૂછાયાનો બળાપો કાઢતા હતા.

શાળામાં અભ્યાસ કરાવવા માટે શિક્ષક પાસે પાઠયપુસ્તકનું જ્ઞાન હોવું જોઈએ. શિક્ષક બનવા તલપાપડ થયેલો ઉમેદવાર પાઠય પુસ્તક તૈયાર કરીને પરીક્ષા આપવા જાય છે ત્યારે પ્રશ્નો કંઈક અલગ જ પૂછાય છે. કોલેજ કક્ષાના અને ઊંડાણ માપી લે તેવા પ્રશ્નોથી ઉમેદવાર હતાશ અને નિરાશ બની જાય છે.


(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## વીજ વપરાશ કરો કે ન કરો મીનીમમ ચાર્જ ૧૫૦૦ ભોગવવા પડશે...!!!

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર વસાહત મંડળના પ્રમુખ અને જાગૃત નાગરિક કિશનભાઈ બ્રહ્મભટ્ટે તાજેતરમાં વીજ કંપનીએ બહાર પાડેલા નિયમનો વિરોધ કરતા જણાવ્યું છે કે, વીજ વપરાશ કરે કે ન કરે છતાંય ઓછામાં ઓછા ૧૫૦૦ રૂ. ભોગવવાના નિયમથી સામાન્ય નાગરિક પર મોટો બોજો પડશે. મોંઘવારીની માયાજાળમાં અટવાતો આમ આદમી વીજ કંપનીઓના આવા વીજવધારાથી તૂટી જશે.

સામાન્ય રીતે પંખો, ટ્યૂબલાઈટ, ઈસ્ત્રી, બલ્બ, ટેલિવિઝન, મ્યુઝીક સિસ્ટમ, કમ્પ્યૂટર, ફ્રીઝ, વોશિંગ મશીન, ઘરઘંટી, પાણીનો પંપ જેવી રોજીંદી વીજ વપરાશની આઈટમોથી આમ આદમી એટલો ટેવાઈ ગયો છે કે તેના વગર એક ક્ષણ પણ ચલાવી શકે તેમ નથી. સતત અને અનિયંત્રિત વીજ વપરાશથી દર માસે મોટુ વીજબીલ આવે છે. હવે તો દર માસે જે વીજ વપરાશ થશે તે અંગેની માહિતી વીજ કંપનીને મોકલી આપવાની અને પછી જો તે વીજ ધારક તેટલી વીજ વપરાશ કરે કે ન કરે છતાંય તેણે અગાઉ જે મીનીમમ રૂ. ૩૦નો ચાર્જ આવતો હતો તેની જગ્યાએ હવે ઓછામાં ઓછો ૧૫૦૦ રૂ. ચાર્જ ભોગવવો પડે તેવા નિયમ બહાર પાડવામાં આવ્યા છે. વીજ કંપનીઓ આવા નિયમો અવાર-નવાર બનાવતી રહેશે અને બહાર પાડતી રહેશે તો આમ પ્રજાની હાલત શું થશે ? સતત વધતી જતી મોંઘવારી અને એમાંય આવા વીજ કંપનીઓના નિયમો સામાન્ય નાગરિક માટે બોજારૂપ બની રહેશે !

## પૉઈન્ટના બસસ્ટેન્ડ પાસે સાંજે ભરાતું શાક માર્કેટ બંધ કરાવાયું

ગાંધીનગર, તા. ૮

ટ્રાફિકમાં નડતરરૂપ હોવાની વારંવાર ફરીયાદ મળતા ટ્રાફિક પોલીસે કડક ઝુંબેશ હાથ ધરી પોઈન્ટના બસ સ્ટેન્ડ પાસે સાંજે ભરાતુ શાકમાર્કેટ સાવ બંધ કરાવી દીધુ છે. ઓફિસો છુટવાના સમયે અહીં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાતા લારીઓ અહીં આવતી સાવ બંધ થઈ ગઈ છે.

જૂના અને નવા સચિવાલયની વચ્ચે આવેલા માર્ગ પર વર્ષોથી સાંજના સમયે નાનુ શાકમાર્કેટ ભરાતુ હતુ. સચિવાલયમાંથી છુટતા કર્મચારીઓ અહીંથી શાકભાજી અને ફળોની ખરીદી કરતા હતા. આસપાસના વસાહતીઓ પણ અહીં શાકભાજી ખરીદવા માટે આવતા હતા. છેલ્લા કેટલાક સમયથી અહીં શાકભાજી અને ફળોની લારીઓની સંખ્યા વધી ગઈ હતી. વળી વધુ ગ્રાહકો મેળવવાની લાલચે તેઓ છેક મુખ્ય રસ્તા સુધી આવી જતા હતા. લારીઓ રસ્તાની વચ્ચે આવી જતી હોવાથી ઓફિસ છુટવાના સમયે અહીં ખાનગી વાહનો અને એસ.ટી. બસોનો ટ્રાફિક જામ થઈ જતો હતો. બસના ડ્રાઈવરો સાથે ક્યારેક લારીઓ વાળાની તુતુ-મેમે થઈ જતી હતી.

વળી આ માર્ગ વીઆઈપી હોઈ સુરક્ષાનો પ્રશ્ન પણ ઉપસ્થિત થતો હતો. આ શાકમાર્કેટને હટાવી લેવા વારંવાર રજુઆત થતાં ટ્રાફિક પોલીસે ૧૫ દિવસ અગાઉ ઝુંબેશ હાથ ધરી શાકમાર્કેટ બંધ કરાવી દીધુ હતુ. લારીઓ પુનઃ ન ગોઠવાય તે માટે દરરોજ સાંજે અહીં ટ્રાફીક પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવાય છે. શાકમાર્કેટ બંધ થઈ જતાં ટ્રાફિકનો પ્રશ્ન ઘણા ખરા અંશે ઉકેલાઈ ગયો છે. શાકની લારીઓવાાને હવે મીનાબજારમાં ઉભા રહી સંતોષ માનવો પડે છે. આ સ્થળે પુનઃ શાકમાર્કેટ શરૂ ન થાય તે માટે કાયમી બંદોબસ્ત ગોઠવવા વસાહતીઓએ માંગ કરી છે.

## રાયસણમાંથી સાપ પકડાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ રાયસણ ગામના એક ઘરમાં સાપ નીકળતાં ત્રણ કલાકની જહેમતને અંતે તે પકડાયો હતો અને જંગલમાં પછી છોડી મુકાયો હતો.

ગઈકાલે બપોરે રાયસણ ગામમાં સાપ ઘરમાં નીકળ્યો હોવાની વિગતો સ્નેક લવર્સ પરિમલ ગરાસિયા અને મહાનીલ એચ. નાયકને મળતાં તેઓ ત્યાં પહોંચી ગયા હતા. આ સાપ ભીંતની બખોલમાં ભરાઈ ગયો હતો.

ત્રણ કલાકની જહેમતને અંતે આ સાપને સફળતાપૂર્વક પકડી પાડ્યો હતો.

## ગાંધીનગર રોટરી કલબના પદાધિકારીઓનો શપથવિધિ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર રોટરી કલબના નવ નિયુકત પદાધિકારીઓનો શપથવિધિ સમારોહ ભારે દબદબાપૂર્વક ગાંધીનગર ટાઉનહોલમાં યોજાઈ ગયો. નગરના પ્રતિષ્ઠિત નગરજનો, રોટરી કલબન સભ્યો તથા યુવા અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ સમારોહ નોંધનીય રહ્યો હતો.

રોટરી કલબની પરંપરા મુજબ પ્રારંભિક પ્રાર્થના બાદ વિદાય લેતા પ્રમુખ રોટેરીયન જોય બક્ષીએ સૌનું સ્વાગત કર્યું હતું. શ્રી બક્ષીએ પોતાના કાર્યકાળ દરમિયાન રોટરી કલબના સભ્યો તરફથી જે અભૂતપૂર્વ સહયોગ મેળવ્યો તે સૌ પરત્વે આભારની લાગણી વ્યકત કરી હતી. મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત બાદ રોટરી કલબના સેક્રેટરી કેયૂરભાઈ શાહે વર્ષ-૧૧-૧૨ની પ્રવૃત્તિઓ અને વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનો અહેવાલ રજૂ કર્યો હતો.

રોટરી ઈન્ટરનેશનલના ભૂ.પૂ. ડિસ્ટ્રીકટ ગવર્નર રોટેરીયન ડૉ. અરૂણ પરીખે પદનામિત પદાધિકારીઓને તથા નવા જોડાઈ રહેલા સભ્યોને શપથ લેવડાવ્યા હતા. ડૉ. પરીખે રોટરીના મૂળભૂત હેતુ અને આગામી વર્ષનો સંદેશ સમજાવ્યો હતો. ડિસ્ટ્રીકટ કક્ષાએ ગાં. રોટરી કલબના ફરજ બજાવતા વરિષ્ઠ સભ્યોનું સન્માન કરાયું હતું. સર્વશ્રી મહેન્દ્ર ભાવસાર, કમલકિશોર જૈન, સેંધાભાઈ ચૌધરી, ડૉ. જગદીશ પટેલ, સુકેતુ મહેતાનું સન્માન કરાયું હતું. ત્યારબાદ નવ નિયુકત પ્રમુખ સમીર ત્રિવેદીએ ઉત્સાહપૂર્વક શેર શાયરી ફટકારી આગામી વર્ષના સ્વપ્ન રજૂ કર્યા હતા સાથે સાથે પોતાનામાં વિશ્વાસ મુકવા બદલ સૌ સભ્યોનો આભાર માની સહયોગની અભિલાષા વ્યકત કરી હતી.

### નવ નિયુકત હોદેદારો

| | |
|---|---|
| પ્રમુખ | : સમીર ત્રિવેદી |
| સેક્રેટરી | : મેહુલ મહેતા |
| કલબ ટ્રેનર | : કમલ કિશોર જૈન |
| પદનામિત પ્રમુખ | : રાહુલ મહેતા |
| પૂર્વ પ્રમુખ | : જોય બક્ષી |
| ઉપપ્રમુખ | : ડૉ. ગુંજન જૈન |
| સહમંત્રી | : દિલીપ પટેલ |
| ખજાનચી | : ડૉ. જગદીશ પટેલ |
| સાર્જન્ટ એટ આર્મસ | : નિતીન વાઘલે |
| કલબ બૂલેટીન એડિટર | : (૧) આલોક ગુપ્તા (૨) સુધીર કુમાર |

આ પ્રસંગે ગાં. રોટરી કલબના મુખપત્ર 'પાટનગર'નો પ્રથમ અંકનું વિમોચન એરમાર્શલ એ. કે. ગોગાઈના વરદ હસ્તે કરાયું હતું. મુખ્ય અતિથિ એ.કે. ગોગાઈનો પરિચય રોટેરીયન સુધીરકુમારે અસરકારક રીતે આપ્યો હતો. મુખ્ય એર માર્શલ એ.કે. ગોગાઈએ ગાંધીનગર રોટરી કલબની પ્રવૃત્તિઓને બિરદાવી માનવજાત માટે કાર્ય કરવા હાકલ કરી હતી. રાષ્ટ્રભકિત વધુ પ્રબળ બને એવી પ્રવૃત્તિ માટે પણ દિશા દર્શન કર્યું હતું. સમારંભના અંતમાં રોટેરીયન મેહુલ મહેતાએ આભારવિધિ કરી હતી.

## આતંકવાદ વિરોધી દળના બિટ્ટા ગાંધીનગર આવ્યા

ગાંધીનગર, તા.૮

રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી દળના વડા શ્રી એમ.એચ. બિટ્ટાએ આજે જિલ્લાના પેથાપુર અને મહુડીની મુલાકાત લીધી હતી.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શ્રી બિટ્ટા જિલ્લાના પેથાપુર ગામે આવેલ રવેચી સધીમાતાના મંદિરે દર્શનાર્થે ગયા હતા. આ પછી તેમણે ઉપસ્થિત ભકતો સાથે અલપ ઝલપ વાતો કરી અને મહુડી જવા રવાના થયા હતા.

મહુડીમાં તેમણે ઘંટાકર્ણ ભગવાન મહાવીરના દર્શન કર્યા હતા. શ્રી બિટ્ટાની આ મુલાકાત સંપૂર્ણ ધાર્મિક કાર્ય માટે જ હોવાનું જાણવા મળેલ છે.

## દૌલતથી દુનિયા ન ખરીદાય...

**'મતલબકી ઈસ દુનિયા મેં કૌન કિસીકા હોતા હૈ ધોખા વહી દેતા હૈ જિસ પર ભરોસા હોતા હૈ'**

એક બ્લડ કેન્સરના દર્દીની જીંદગીના ઉત્તરાર્ધમાં વ્યકત થયેલી આ મનોવ્યથા છે...પોતે એન્જિનિયરની પોસ્ટ પર છે. નામ એમનું નરેન્દ્રભાઈ (નામ બદલેલ છે) આવક સારી કહી શકાય તેવી છે. ખાનાર કોઈ નથી કારણ કે લગ્ન કર્યા નથી. જુવાનીમાં એમ લાગ્યું કે લગ્નની શી જરૂરિયાત છે? પાસે પૈસા હોવા જોઈએ. પૈસાથી બધું જ મળી રહે... પણ નરેન્દ્રભાઈને એવી કલ્પના જ નહિ કે ભાગ્ય ગમે ત્યારે પલટાઈ શકે...

'સગા દીઠા મેં શાહ આલમના ભીખ માગતા શેરીએ...' આ વાકય કયાંય વાંચવામાંય નહોતું આવ્યું, કારણ કે સાહિત્યમાં તેમને કોઈ રૂચિ નહિ. નહિતર કંઈક તો વિચાર આવત. ખેર, નરેન્દ્રભાઈએ જીંદગીને ગંભીરતાથી લીધેલી જ નહિ અને એ દિવસ આવ્યો, જયારે ન ધારેલું થયું. તંદુરસ્ત સાજા સમ માનવીને બ્લડ કેન્સર થયું...વાત જરા માંડીને કરીએ. ગાંધીનગર જિલ્લાનું એક મોટું ગામ જેમાં એક પરિવારમાં ત્રણ ભાઈઓ અને એક બહેન રહે. બે ભાઈઓ અને એક બહેન ઉંમર લાયક થતાં પરણી ગયા. પોતાનો સંસાર વસાવી બેઠા. નરેન્દ્રભાઈને થયું લગ્ન કરી ખોટી ઝંઝાળ શા માટે ઉભી કરવી? મારે કયાં પૈસાની ખોટ છે? દોલતથી દુનિયા ખરીદી શકાય...અને નરેન્દ્રભાઈએ કુંવારા રહેવાનો નિર્ણય કર્યો. ગાંધીનગરમાં તો પુર્વજોના પુણ્ય પ્રતાપે નાના ખોરડાવાળા ય રાતોરાત કરોડપતિ બની ગયા છે અને કેટલાયના ફ્રીજમાં બાટલીઓના રૂપ રંગ બદલાવા લાગ્યા છે. નરેન્દ્રભાઈના પિતા મૃત્યુ પામ્યા અને પિતાની મિલકતના ભાગ થયા. બે કરોડ રૂ. ઉપજયા. ચાર ભાઈ બહેનના ભાગ થયા. દરેકને ૫૦ લાખ મળ્યા. નરેન્દ્રભાઈએ પોતાના ભાગના ૫૦ લાખ બહેનને આપી દીધા. મારે પૈસાની ક્યાં જરૂર છે? જરૂર કરતાં વધારે કમાઈ લઉં છું. બહેન પણ ભાઈના ઓવારણા લેવા લાગી...ખમ્મા મારા વીરા..ભઈલા! જયારે પણ તારે જરૂર પડે તો અડધી રાતે આ બહેનના દ્વાર ખટખટાવજે..ભાઈલો ખુશ.. સમય વિતતો ગયો. એન્જિનિયરને એટલી બધી ખુમારી (કે તુમાખી?) કે કોઈ સગા સંબંધીની કદી પરવા ન કરે..મારે કોઈની જરૂર જ કયાં છે? તુમાખી એટલી કે ઘરે આવેલા મહેમાનને પાણી ન પીવડાવે...હું માટલું રાખતો જ નથી. જરૂર પડે મીનરલ વોટરની બોટલ લાવી દઉં છું અને બહાર નળ ચાલુ છે...પી લ્યો..સમયનું ઘટના ચક્ર અવિતરપણે ચાલ્યા કર્યું... સેકન્ડ, મિનિટ, કલાક, દિવસો અને વર્ષો વિતતા ગયા..અને એક દિવસ નરેન્દ્રભાઈને લોહીની ઉલટી થઈ...ડોકટરે નિદાન કર્યું... બ્લડ કેન્સર છે.. નરેન્દ્રભાઈને માથે આભ તુટી પડયું. દોલત ઘણી છે પણ આત્મિય કે અંગત કહી શકાય તેવું કોઈ નહિ. કોઈની સાથે સંબંધ જ રાખેલો નહિ. સેવા ચાકરી કોણ કરે? ખુબ મુંઝવણ થઈ. ઘરના ખુણે બેસી આંસુ સારવા લાગ્યા. પણ દીવાલો થોડી આશ્વાસન આપે? તે તો જડ કહેવાય? લાગણીને હુંફ માટે તો કોઈ જીવંત પાત્ર જોઈએ ને ? નરેન્દ્રભાઈ ને બહેનના શબ્દો યાદ આવ્યા..ભઈલા અડધી રાત્રે દ્વાર ખટખટાવજે...અને ભાઈની આંખમાં ચમક આવી..મેં બહેનને મારી મિલકત આપી છે. ગયા બહેન પાસે..બહેનને બધી વાત કરી. બહેન કહે ભાઈ, બધી વાત સાચી પણ તને રાખવામાં જોખમ છે. મારા દીકરાઓને ચેપ લાગે તો? ભાઈએ કહ્યું હું હોસ્પિટલમાં પડયો રહીશ.. પણ કેન્સરમાં પૈસા બહુ જોઈએ. મેં આપેલા પૈસા આપ...પણ બહેનને ૨૧મી સદીનો સંપૂર્ણ રંગ લાગેલો...તેણે કડક અવાજે કીધું કયા પૈસા...? શાના પૈસા...? અને ભાઈની દુનિયા ડોલવા લાગી... પૃથ્વી ગોળ છે અને તે ધરી પર ફરે છે તેનો આજે નરેન્દ્રભાઈને અહેસાસ થવા લાગ્યો. પણ 'અબ પસ્તાયે કયા હોત હૈ જબ ચિડિયા ચુગ ગઈ ખેત' નરેન્દ્રભાઈ ગયા નાનાભાઈ પાસે. ભાઈ! મને કેન્સર છે. મને આશરો આપીશ? નરેન્દ્રભાઈની આંખમાં આંસ અને શરીરમાં કંપન હતું. જીભને શબ્દો જડતા ન હોતા...નાના ભાઈએ કહ્યું તેં મારી સાથે કદી ભાઈનો સંબંધ તો રાખ્યો નથી પણ...

**કડવા હોયે લીમડા, તોયે શીતળ છાંય**
**બાંધવા હોય અબોલડા, તોયે પોતાની બાંય...**

મારો મા જણ્યો ભાઈ છે ને!! સંકટની ઘડીએ કંઈ આવું થોડું વિચારાય? અને તેણે ભાઈને આશરો આપ્યો. મારાથી થાય તેટલી મદદ કરી તારા દુઃખમાં હું ભાગીદાર બનીશ... અને નરેન્દ્રભાઈના ધબકતા શ્વાસ હેઠા બેઠા. જુવાનીના દૃશ્યો એક પછી એક નજર સમક્ષ આવવા લાગ્યા..મારે કયાં કોઈની જરૂર છે? દોલતથી દુનિયા ખરીદી શકાય... હું તો ઘરમાં પાણીનું માટલું યે રાખતો નથી...અને નરેન્દ્રભાઈની નાભિમાંથી પોકાર ઉઠયો

**મેં જોઈ લીધા આભ તણા ચાંદ તારલા**
**માનવ સમાન એકે સીતારા મળ્યા નહિ**

સંબંધ સજાવે જિંદગી
**સ્નેહ-સંબંધ બીન જા સુના**
- પોપટલાલ પ્રજાપતિ
gsrelation@yahoo.com

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૯
સૂર્યાસ્ત : ૭.૨૯

### તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૪ ટકા ● સાંજે ૫૮ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
બોલ બચ્ચન : ૧૦.૦૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ધ અમેઝીંગ સ્પાઈડરમેન (હિન્દી) : ૧૦.૦૦
બોલ બચ્ચન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
ધ અમેઝીંગ સ્પાઈડરમેન (હિન્દી) : ૧૧.૪૫, ૭.૩૦
બોલ બચ્ચન : ૨.૧૫, ૧૦.૦૦
તેરી મેરી કહાની : ૫.૧૫

: સ્ક્રીન-૪ : ૩ બેચલર : ૧૦.૦૦, ૧૨.૩૦
રાઉડી રાઠોડ : ૩.૦૦
મેક્ષીમમ(એ) : ૫.૩૦
બોલ બચ્ચન : ૬.૩૦, ૧૦.૦૦
ગૈંન્સ ઓફ વાસેપુર : ૭.૩૦
તેરી મેરી કહાની : ૧૦.૩૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્દી) :૧.૪૫,૧.૩૦,૪.૧૫, ૭.૦૦
બોલ બચ્ચન : ૯.૪૫

: સ્ક્રીન-૨ :
બોલ બચ્ચન : ૯.૪૫,૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ : બોલ બચ્ચન : ૧૦.૩૦
ફરારી કી સવારી : ૧.૧૫, ૭.૧૫
ગૈંન્સ ઓફ વાસેપુર : ૪.૦૦
ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૨ડી(હિન્દી) : ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
બોલ બચ્ચન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સૂર્યા, વાવોલ**

બોલ બચ્ચન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
બાશા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**શૈક્ષણિક**

- શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સવારે ૯.૦૦ કલાકે કોલેજના સભાખંડમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથએ સ્નેહમિલન સમારંભ યોજાશે.

### આપની આજ

**મેષ** : તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. જમીન- મકાન ખરીદી થઈ શકે છે. સ્થાયી સંપતિ મળવાનો યોગ બની રહ્યા છે. ગ્રાહકો સાથે મધુર સંબંધો બંધાશે.

**વૃષભ** : આપને આજે જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. વેપાર, કુટુંબમાં શુભ કાર્યો, કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ સર્જાઈ શકે છે.

**મિથુન** : આપના આવકના સ્રોતોમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. રોગ, કર્જ સંબંધી કાર્યોમાં લાભ થવાની સંભાવના છે. વિશેષ ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થઈ શકે છે.

**કર્ક** : મિત્રો સાથે વિશિષ્ટ ખાનપાન થઈ શકે છે. સંચિત ધનમાં વદ્ધિ થવાનો યોગ છે. ભાગ્યવર્ધક યાત્રાઓનો વિશેષ યોગ બની રહ્યો છે. ધાર્મિક ક્ષેત્રમાં વિશેષ યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**સિંહ** : આજે તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થઈ શકે છે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. તમારો આત્મવિશ્વાસ વધુ પ્રબળ બનશે.

**કન્યા** : કાર્યોમાં કરેલા અથાગ પ્રયત્નોથી આજે સફળતા પ્રાપ્ત થઈ શકશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે. વધુ પ્રયત્ન કરવો પડશે.

**તુલા** : કાર્યોમાં સમયને મહત્વ તરફ ધ્યાન ન આપવાને કારણે માનસિક કલેશનો યોગ બનશે. મતતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

**વૃશ્ચિક** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્યની સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના રહેલ છે. વિચારેલું કાર્ય સમય પર પૂર્ણ થઈ શકશે. વડીલવર્ગ તરફથી આપને સહયોગ, માર્ગદર્શન મળી રહેશે.

**ધન** : આપની આર્થિક ઉન્નતિમાં વધારો થઈ શકશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બની રહ્યો છે. મુશ્કેલી દુર થવાના એંધાંણ દેખાશે. લાભદાયક સમાચાર મળશે. આરોગ્યનું ધ્યાન રાખવું.

**મકર** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાણઆં પાછા મળી શકશે. અધિકારી તમારી કાર્ય પદ્ધતિથી પ્રસન્ન થશે. મકાન સંબંધી સમસ્યાઓનું સમાધાન આવી શકશે.

**કુંભ** : કોઈ વિશિષ્ટ વ્યક્તિથી આપની મુલાકાત થઈ શકશે. કુટુંબની સાથે મનોરંજનની તક પણ પ્રાપ્ત થશે. વ્યર્થમાં સમય પસાર ન થાય તેની કાળજી રાખવી. વેપારમાં પ્રગતિ થશે.

**મીન** : આપની જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાયમાં રુચિમાં વધારો થશે. વેપાર સારો ચાલશે. અગત્યનું કાર્ય પૂર્ણ થવાથી પ્રસન્નતા થશે. વિરોધીથી સાવધાન રહેવું.

### ચિરવિદાય

- સ્વ. કાન્તીભાઈ નારૂભાઈ કબીરા (ઉ.વ. ૫૪) સેકટર-૧૩ના કાચા છાપરાં, ગાંધીનગર.
- સ્વ. કમુબેન રામાભાઈ દંતાણી(ઉ.વ. ૫૦) સેકટર-૧૪ ગોકુળપુરાના નવા છાપરાં, ગાંધીનગર.
- સ્વ. હસમુખભાઈ અમૃતભાઈ ગઢાદરા(ઉ.વ. ૨૧) બ્લોક નં. ૭૩/૧, 'ચ' ટાઈપ, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. રાજેશભાઈ ગોકુળભાઈ યાદવ(ઉ.વ. ૨૫) કૅમવે સ્ટાફ ક્વાર્ટસ, સેકટર-૨૫, ગાંધીનગર.